

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*સ્વાર્થના સંબંધો જોઈ નિશ્વાસ મૂકાઈ જાય છે!*
*'મૂક્તિધામે' લાગણીના કફન સૂકાઈ જાય છે!*
*ઝૂકાઈ જાય છે મસ્તક માનવતાની મશ્કરીથી -*
*મૃત્યુ-ભયે અંતિમ ફર્જ પણ, ચૂકાઈ જાય છે!*
*(અંતિમ વિદાય વખતે પરિવારજનોનો અનાદર)*

### હાઈકુ

*અમરપટ્ટે?!*
*ખરતાં પાન જોઈ -*
*હસે કૂંપળ...*

*મળતી નથી,*
*અંતિમ કાંધ પણ...*
*મૃતદેહને...!*

### ચિંતન

**યત્ર બ્રહ્મ ચ ક્ષત્રં ચ સમ્યચૌ ચરતઃ સહ ।**
**તંલ્લોકં પુણ્યં પ્રજ્ઞેષં યત્ર દેવાઃ સહાગ્નિના ॥**

ઉપરોક્ત શ્લોક યજુર્વેદમાંથી લેવામાં આવેલ છે.

એકબાજુ જ્ઞાન વડે સત્કર્મોને જાગૃત રાખવા જરૂરી છે, તો બીજી બાજુ શસ્ત્ર વડે દુષ્ટોનો સંહાર કરવો પણ જરૂરી છે. જ્ઞાન અને કર્મના સંયોગથી સર્વાંગસંપૂર્ણ આધ્યાત્મિક જીવન બને છે. બ્રાહ્મ વર્ણનું જ્ઞાન અને ક્ષત્રિણ વર્ણનું તેજ જયાં સાથે રહેશે, તે સમાજ હંમેશા આગળ વધતો રહેશે.

શરીર પ્રત્યે આપણું કર્તવ્ય છે કે તેને નિરોગી રાખીએ. મન પ્રત્યે આપણું કર્તવ્ય છે કે તેને સદ્‌ગુણી બનાવીએ. દેશ, ધર્મ, સમાજ અને સંસ્કૃતિ પ્રત્યે આપણું કર્તવ્ય છે કે તેમને પણ ઉન્નત બનાવવા માટે પૂરેપૂરું ધ્યાન રાખીએ.

લોભ અને મોહની જાળમાંથી પોતાને છોડાવી, પોતાના જીવાત્માનો ઉદ્ધાર કરવો એ આપણું કર્તવ્ય છે. આપણા જ્ઞાન અને પ્રતિભાને ઉત્તરોત્તર વધારીને અનુસાર શ્રેષ્ઠ આચરણ કરવું તે આપણું પવિત્ર કર્તવ્ય છે. આ જ જ્ઞાનયોગ અને કર્મયોગની સાચી સાધના અને ઈશ્વરભક્તિ છે.

### સુવિચાર

- ઈર્ષાનાં આંસુ પણ ખારાં જ હોય છે - **રતિલાલ 'અનિલ'**
- માણસ ધીરજ રાખે પણ ઘડિયાળ ધીરજ રાખતી નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- કળિયુગમાં રામનો નહિ, ટોળાનો મહિમા છે - **મોરારિ બાપુ**
- બ્રહ્મા એ ઘડતર તો કર્યું પણ ચણતર કરવાનું માણસ પર છોડ્યું - **જનકલ્યાણ**
- પવન આવે ત્યારે પોતાનો જ પરસેવો પોતાને ટાઢખ આપે છે - **કન્નડ કહેવત**
- છેલ્લી સાન આવે તે 'અવસાન' કહેવાય - **ચંદ્રકાન્ત બક્ષી**
- આજનું ઔષધ : અજમો અને ફુદીનો ઉકાળી તેની વરાળ શ્વાસમાં લેવાથી કફ શરદીમાં તરત રાહત થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ઈટાલીનાં ફ્લોરેન્સ નગરમાં ત્રણ બાળકો નદીમાં સ્નાન કરી રહ્યા હતા. સૌથી મોટા ચૌદેક વર્ષના છોકરાએ સૌથી નાના અગિયાર વર્ષનાને કહ્યું, 'દોસ્ત, તારું નસીબ તો ખૂબ ખરાબ છે. તારા માતાપિતા સાવ ગરીબ છે. પૈસા વગર તારા ઘરમાં રોજ કંકાસ થઈ રહ્યો છે. તને કોઈ લાડ લડાવતું નથી. તારું જીવન વ્યર્થ છે. માટે તું આત્મહત્યા કરી નાખ તે જ એક ઉપાય છે.' બીજો છોકરો જે તેર વર્ષનો હતો તે ખૂબ સમજું અને માયાળું હતો તેણે પેલા સૌથી નાનાને આશ્વાસન આપતા કહ્યું, 'દોસ્ત, તારા સંજોગો ભલે હાલ વિકટ છે. પણ તું ભણવામાં ખૂબ મહેનત કર. તને ઉપરવાળો જરૂર એક દિવસ ખૂબ સફળ બનાવશે.' આ સકારાત્મક વાતની પેલા અગિયાર વર્ષના બાળક ઉપર સારી અસર થઈ. તેણે ઘેર હાડમારી, ગરીબાઈનો મક્કમતાથી સામનો કરી અવિરત પ્રગતિ કરી. સફળ ચિત્રકાર, કવિ, દાર્શનિક, ગણિત શાસ્ત્રી, સંગીતકાર, વૈજ્ઞાનિક, સફળ વક્તા અને ઉત્તમ વ્યક્તિત્વનો સ્વામી બન્યો. આવો બહુમુખી પ્રતિભાવંત પુરુષ ઈતિહાસમાં કયાંયે જોવા નથી આવ્યો. સાર એ જ કે સકારાત્મક અભિગમથી તથા પુરુષાર્થના પારસમણિથી જ પ્રતિભાવંત બનાય છે.

# ઉત્તરપ્રદેશમાં વધતું અપરાધીકરણ

**તંત્રીસ્થાનેથી...**

ઉત્તરપ્રદેશમાં કાયદો અને વ્યવસ્થા કઈ હદે કથળી ચૂક્યાં છે એનું હૃદયદ્રાવક ઉદાહરણ સાઠ જેટલા ગંભીર અપરાધોમાં વોન્ટેડ માથાભારે શખ્સની ધરપકડ કરવા ગયેલી પોલીસ ટુકડી પર ગોળીબાર કરી એક ડીએસપી કક્ષાના અધિકારી સહિત આઠ પોલીસમેનની હત્યના દારુણ ઘટનામાં જોઈ શકાય છે. વિકાસ દુબે નામનો આ ગુંડો હત્યા સહિતના ગુનાઓમાં વારંવાર પકડાતો રહ્યો છે અને ભયના માર્યા સાક્ષીઓ ન મળતાં નિર્દોષ છૂટતો રહ્યો છે. આ વખતે એણે પોલીસ સાથે જ સીધી મુઠભેડનું આયોજન કરી એની પ્રચંડ તાકાતનું પ્રદર્શન કર્યું છે. એની ધરપકડ માટે પોલીસ ટુકડી આવી રહી છે એની માહિતી પણ એને પોલીસદળના જ ફૂટેલા માણસો આપી દીધી હતી. ચૌબેપુર પોલીસથાણાનો અધિકારી ઘટના વખતે વેળાસર ભાગી ગયો, તે પણ સૂચક છે. આઠ પોલીસદળના સભ્યોને આંતરીને મકાનના ધાબા પર આગોતરી માહિતી મેળવી ગોઠવાઈ ગયેલા વિકાસ દુબેના સાગરીતોએ અંધાધૂંધ ગોળીબાર કરી મોતને ઘાટ ઉતારી દીધા અને બીજા કેટલાક ઘાયલ થઈ સારવાર લઈ રહ્યા છે. ઉત્તરપ્રદેશના પોલીસતંત્રની આવી કરુણ અવદશાના સમાચારથી દેશ આખો ડઘાઈ જાય અને પોલીસ તંત્રનું મનોબળ તૂટી જાય તે સ્વાભાવિક છે. આખરે યોગી આદિત્યનાથ જેવા કહેવાતા સક્ષમ મુખ્યમંત્રીના નાક નીચે જ આવી ઘટના બની શકતી હોય તો પ્રજાની સલામતી તો ફક્ત રામ ભરોસે જ ગણવી રહી. યોગી આદિત્યનાથ આ જ પોલીસતંત્ર મારફત સાંપ્રદાયિક પરિબળોને જેર કરતા રહ્યા હોવાના દાવા કરતા રહ્યા છે. તબલીગીઓ પર આ જ પોલીસતંત્ર આકરું થઈને ત્રાટકતું રહ્યું છે. વિકાસ દુબે માત્ર ઉત્તરુપ્રદેશ માટે નહીં બલકે સમગ્ર દેશ માટે એક મસમોટો પ્રશ્નાર્થ બનીને ઊભો છે. કહેવાતી કાર્યદક્ષ પોલીસ આટલો સમય વીતી જવા છતાં એને પકડી શકતી નથી. પોલીસતંત્ર માટે આથી મોટી નામોશીની બાબત બીજી કઈ હોઈ શકે?ફક્ત હિંદુત્વનો એજંડા આગળ વધારવા માટે જ તંત્રનો ઉપયોગ કરવાની કૂટનીતિ આખરે સરકારને જ ભારે પડી રહી છે. વિકાસ દુબે જેવા પિશાચી વૃત્તિના અપરાધીઓને માત્ર યોગી સરકાર જ નહીં, એ અગાઉની સરકારો પણ છાવરતી રહી હોવાનું ખુદ એની વૃદ્ધ માતા માને છે, જો મારો દીકરો આવો જઘન્ય ગુનેગાર હતો તો એને દરેક પાર્ટીએ પોતાનો સભ્ય કેવી રીતે બનાવ્યો ? વિકાસ દુબે જે પાર્ટી સત્તામાં હોય એનો સભ્ય બની સ્થાનિક સ્તરે લોકપ્રિય કાર્યકર તરીકેની ઈમેજ ઊભી કરી શક્યો હતો. કોંગ્રેસ સિવાયની ઉત્તરપ્રદેશની ત્રણે પ્રભાવશાળી પાર્ટીઓ બહુજન સમાજ પાર્ટી, સમાજવાદી પાર્ટી અને ભારતીય જનતા પાર્ટીના સભ્ય તરીકે રહી એ આરામથી એની ગુનાઈત પ્રવૃત્તિઓ આચરતો રહ્યો અને ખુદ પોલીસબેડામાં પોતાની વગ ઊભી કરી શક્યો હતો. એની ધરપકડ થતી પણ સાક્ષીના અભાવે એ હત્યા, અપહરણ અને ખંડણી જેવા ગુનાઓમાંથી સિફતથી છટકતો રહ્યો છે. આ વખતે તો એણે પોલીસતંત્રને જ ઊંધે માથે પટક્યું છે. રાજકારણમાં અપરાધીકરણની પરાકાષ્ઠાનો આ નાદર નમૂનો છે અને તે એવા રાજયમાં છે જેનું સંસદમાં ખુદ વડાપ્રધાન પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. મોટી મોટી ડંફાસો હાંકતા નેતાઓ કરોડોના ખર્ચે સુરક્ષાકવચમાં ફરતા રહે છે ત્યારે ખુદ પોલીસ જ સુરક્ષિત નથી તે કેવી શરમજનક હકીકત છે! ભારતના આ સૌથી વધુ સાંસદો ધરાવતા રાજયની કાયદો અને વ્યવસ્થાની આ સ્થિતિ હોય ત્યાં વિદેશી રોકાણો આવકારતા મુખ્યમંત્રી અને વડાપ્રધાન કેટલા હાસ્યાસ્પદ બની રહે તે વિચારવા જેવું છે. અયોધ્યાનું રામમંદિર કે જૂનાં મુગલાઈ નામો ફેરવી એનું હિંદુત્વીકરણ એ જ સરકારની પ્રાયોરિટી હોય તો પ્રજાને ફક્ત રામલલા જ બચાવી શકે !

# સાચા માર્ગદર્શક મળી જાય તો અંધકારથી અજવાસ તરફ જવાય



**અજવાળું - અજવાળું**
તુષાર જોશી

'એકવીસમી સદીના બે દાયકામાં કોમ્પીટીશન વધી - ફાસ્ટ લાઈફ થઈ - કુટુંબો તુટ્યા અને આર્થિક બાબતો મન પર સવાર થઈ એટલે સ્ટ્રેસની ભેટ વધુ પ્રમાણમાં આપણને મળી!'

'પ્રધાનમંત્રીથી લઈને પ્યુન સુધીનો કોઈ પણ માણસ હતાશ થઈ શકે, પરંતુ ડીપ્રેશન લાંબુ ચાલે.'

'લોકો અમને કહે છે કે બીજું કોઈ તમારે ત્યાં ના હોય ત્યારે અમને સમય આપો.'

આ અને આવા અનેક અભ્યાસપૂર્ણ અવલોકનો વિશે ખૂબ લાંબી અને અર્થપૂર્ણ વાતો હમણાં કરી ગુજરાતના સિનિયર સાઈકોલોજીસ્ટ ડૉ. પ્રશાંત ભીમાણી સાથે.

'અમદાવાદ તક' યુ ટ્યુબ ચેનલ માટે થયેલા આ ઈન્ટરનેટને મોટી સંખ્યામાં લોકોએ નિહાળ્યો.

અને ફીડબેક આયા કે, અમારા મનમાં જે જે પ્રશ્નો હતો તે તે પ્રશ્નો પૈકીના ઘણા બધા પ્રશ્નોના ઉત્તરો અમને ઘરે બેઠા મળી ગયા.

કોઈ માણસને સ્ટ્રેસ છે તેની ખબર કેમ પડે ? એના જવાબમાં તેઓ કહે છે કે જે તે વ્યક્તિની ઊંઘ અને ભૂખમાં બદલાવ આવશે, ઉતાવળ - બેચેની - ગભરામણ અનુભવશે, માનસિક થાક અનુભવે છે. આવા દર્દીઓ, અને એ સમયે એમના પરિવારની વિશેષ જવાબદારી સંભાળવાની.

ડૉ. પ્રશાંત ભીમાણીએ એમના પુસ્તક 'મન દુરસ્ત' માં લખ્યું છે કે, 'મારો પરિવાર મારા માટે મેડિસિન છે.' કેટલી સરસ અને મહત્ત્વની વાત કરી છે તેઓએ, આજકાલ બધ્ધા બિઝી છે, બધ્ધા ઘરમાં છે, બધાં સાથે છે પરંતુ પોતપોતાના મોબાઈલ સાથે છે પરિણામે. પરિવારમાં સંવાદ નથી થતો અને હૂંફ-પ્રેમ-સંભાળ કયાંક ગાયબ થતા અનેક પ્રશ્નો ઉદ્‌ભવે છે.

આવા પ્રશ્નો થાય - ડિપ્રેશન આવે ત્યારે માણશે શરમની - સંકોચની દિવાલ કુદીને સાઈકોલોજીસ્ટ પાસે જવું જ જોઈએ, કાઉન્સેલિંગ જરૂરી છે, કદાચ ગોળી લેવી પડે તો એ થોડા સમય માટે છે, જીવનમાં સફળતમ વ્યક્તિને પણ પ્રશ્નો આવે એમ કહી તેઓ કહે છે કે, દીપીકા પાદુકોણે સ્વીકાર્યું છે કે એ પણ ડીપ્રેશનમાં હતી, બહાર આવી અને આજે આવા લોકોની સહાય માટે ફાઉન્ડેશન પણ ચલાવે છે.

આજકાલના માનવીય સંબંધોમાં ટોરલન્સ ઘટ્યું છે. એક સમયે ૩૦-૪૦ કે ૫૦ વર્ષના સંબંધો ટક્યા છે પરંતુ આજે મહિનાઓમાં સંબંધો તૂટે છે એના કારણો વિશે પૂછતાં ડૉ. પ્રશાંત ભીમાણી કહે છે કે, આપણે જતું કરવાની ભાવના ભૂલ્યા છીએ. મને સામેની વ્યક્તિ પાસેથી શું મળ્યું ? એમાં જ રસ છે. મેં શું આપ્યું ? એ વિચાર આવશે તો સંબંધો સચવાશે. રિલેશનશીપમાં બ્રીધીંગ સ્પેશ આપવી જ પડશે અને શંકાથી પર થવું જ પડશે. સામેનો માણસ વ્યક્તિ છે, વસ્તુ નહિ એ સમજ કેળવવી જ પડશે તેમ તેઓ પોતાના અનુભવથી કહે છે.

આજકાલ નહિ વર્ષોથી મા-બાપ પોતાના સંતાનો પાસેથી એ પહેલો જ નંબર લાવે એવી આશા રાખે છે, બાળકમાં એ ક્ષમતા છે નહીં, બાળકને પર્સનટેજ લાવવાનું મશીન ગણી લેવામાં આવે છે પરિણામે વિદ્યાર્થીઓમાં અથવા મા-બાપમાં ડિપ્રેશન આવે છે એમ કહી તેઓ કહે છે કે, બાળકો પર ધ્યાન જરૂર રાખો - જાપ્તો નહિ, એને જે ભણવું હોય એ ભણવા દો, એની સ્વતંત્રતા સાચ દિશાની છે તેવી જાગૃતિ અને જવાબદારી તેનામાં જગાવો.

પ્રકૃતિથી - પોતાની જાતથી માણસ જુદો થતો જાય છે, દૂર થતો જાય છે, પરિણામે એકલતા એને સ્પર્શે છે, એ વાત સાથે પણ તેઓ પોતાના અનુભવોના આધારે સહમત થાય છે.

કોવિડ-૧૯ની વૈશ્વિક મહામારીથી સમગ્ર વિશ્વ અસરગ્રસ્ત થયું છે અને હવે અનલોક-૧ના સમયમાં જનજીવન ધીમે ધીમે ધબકતું થયું છે ત્યારે નવી તાકાતથી - નવા વિચારો સાથે બહાર આવવું પડશે તેમ કહી તેઓ ઉમેરે છે કે ભય નહિ, સાવચેતી અને સાવધાની રાખીને કામ કરવું પડશે. કરકસર કરવી પડશે, સાદાઈથી જીવવું પડશે અને પૂર્ણપણે હકારાત્મક રીતે જીવવું પડશે.

ધર્મ અને અધ્યાત્મ આ દિશામાં આપણને ચોક્કસ અને સાચું માર્ગદર્શન આપશે તેમ કહી તેઓ શ્રીમદ્‌ ભગવદ ગીતાનો સંદર્ભ આપી કહે છે કે અર્જુન વિષાદ યોગથી જ વિજય યોગ સુધી ગયો છે, કારણ કે એને કૃષ્ણ મળ્યા છે.

મનમાં લાગણીઓનો જીવનના નવનેવ રસમાં મેળો ભરાય, પ્રશ્નો સર્જાય પરંતુ એક સાચા માર્ગદર્શક મળી જાય તો અંધકારથી અજવાસ તરફ જવાય એની અનુભૂતિ મને પણ થઈ.

# રીમઝીમ ગિરે સાવન... સુલગ...સુલગ જાયે મન...



**વિચારયાત્રા**
ડો. જય ઓઝા

આવને યાર! આ ગોરંભાયેલું આકાશ અને પડું-પડું થતો પણ ન પડતો વરસાદ, અષાઢ ઉચાળા ભરી રહ્યો છે. પણ આપણાં નગરની ધરતી હજી સૂકી છે. નીચેથી વરસાદને કોઈએ લ્લસ્ટેચ્યુલ્લ કહી દીધું છે કે શું ? હું તને લ્લગોલ્લ કહું છું બસ. પણ હવે વરસ. આ એક ઋતુ છે જેમાં વ્યક્તિ પોતાની અભિવ્યક્તિ સરળતાથી કરી શકે છે. વર્ષાઋતુમાં, વરસાદમાં મનુષ્ય સૌથી વધુ નિખાલસ, નિર્દોષ અને હળવો હોય છે. મારી દૃષ્ટીએ એનો તર્ક કદાચ એ હોઈ શકે કે, અહંકાર, દ્વેષ, ઈર્ષા, કંટાળો, ઘૃણા, અકથ્ય અકળામણ આ બધાનું વરસાદમાં પલળીને શરીરથી નીતરતા પાણી સાથે ધોવાણ થઈ જતું હોય છે. અને વ્યક્તિ ગજબની રાહત અનુભવે છે.

વરસાદ આવે અને એક સાથે ઘણું બધું લઈને આવે છે. અત્યારે મારું શૈશવ મારી સામે રમતું કરી દીધું.વર્ષાઋતુ એટલે અમારું સ્વૈચ્છિક વેકેશન. શાળાનો અગિયાર વાગ્યાનો સમય હોય અને ૯ કે ૧૦ વાગ્યે વાદળો ઘેરાયેલાં હોય અમે મનમાં ને મનમાં મેઘ અને પ્રાર્થના કરીએ કે વરસાદનું ઝાપટું પડી જાય તો સારું. સ્કૂલમાં ગુલ્લી. વરસાદ સાથે એ વખતે મિત્રતા પણ સારી. ૧૧ વાગ્યા સુધી મૂશળધાર વરસતો વરસાદ ૧૨ વાગ્યે તો ઝરમર વરસવાં લાગે. સ્કૂલે જવાનો તો પછી સવાલ જ ન હોય. પછી ચાલુ થાય પરાક્રમોની શૃંખલા. ખૂંચામણી રમતા લોખંડનો સળીયો પોચી માટીમાં ખૂંચવતાં અમે ક્યાં ના ક્યાં ભીના રસ્તાઓ પર છબ-છબીઆ કરતાં નીકળી પડતા. રસ્તા પરથી વહેતા પાણીમાં હોડી બનાવીને તેને તરતી મૂકવી, તેમાં વળી બાજુવાળા ટીનિયા કરતાં મારી હોડી વધારે મસ્ત હોવી જોઈએ આવી નિર્દોષ સરખામણી કરતા તે દિવસો હતા. આજે લાલ પીળા રેઈનકોર્ટમાં વાનમાં કે રીક્ષામાં ગુણો ભરીને જતી હોય તેવા શૈશવને કોથળામાં બંધ થયેલું જતું જોઈને દયા આવે છે.



કોઈકવાર એકદમ જ વરસાદ આવી જાય અને બહાર ચોકમાં પડેલી બધી વસ્તુઓ ફટાફટ લઈને દોડાદોડી કરતા અમે લપસતાં..પડતા..વળી ભીંજાતાં.. તો વળી કો'કવાર આવતા જાણી જોઈને જ ઝાપટાં ખાતાંપઅમે અને અમારું દફતર ભીંજાઈએ...મને યાદ છે ઘરે આવ્યા પછી ભીના થયેલા ચોપડા પહોળા કરીને પંખા નીચે સૂકવતાં. આઠમાં ધોરણમાં નવું-નવું પેનથી લખવાનું શરૂ થયું હતું. કોઈએ મનમાં ભરાવ્યું કે ઈંક પેનથી લખીએ એટલે અક્ષર સારા થાય. એમાં ને એમાં ગુજરાતી નિબંધની નોટ આખી ભીની થઈને.. શાહી રંગીની નીલરંગી બની ગઈ હતી. એના પાના જો ફ્રેમ કરીને રાખ્યાં હોત તો એમ.એફ.હુસૈનના મોર્ડન આર્ટ તરીકે અત્યારે ખપી જાત. આજે પેલી કચકડાની પટ્ટીની જેમ બધું રિવાઈન્ડ થાય છે. બધા ચિત્ર જાણે હું સામે નિહાળતો હોઉ એમ લાગે છે.

અરે હા ! પેલા મખમલિયાં લાલચટક જીવડાં યાદ છે ? અને ઝાડ પર ઉડતા તીતીઘોડા. એકવાર લાલચટક મખમલિયાં જીવડાં ખાલી બાકસમાં ભરીને સ્કૂલમાં ગયો હતો. અને બાકસ સરતચૂકથી કલાસમાં ખૂલી ગયું. આખા કલાસમાં લાલ લાલ ચણોઠી જેવાં મખમલિયાં ફરવાં લાગ્યાં. આજે મારી દીકરીને લાલચટક મખમલિયાં બતાવવાં હું ભટકું છું. પણ કોંક્રિટનો ભોરીંગ મારી એ સોનામહોર ગળી ગયો છે. આ ગોરંભાયેલા ગગનની સાક્ષીએ મિત્રો સાથે યુનિવર્સિટી પાસે ચાની લારી પર અડધી ચાની ચૂસ્કી માણી છે. વરસાદમાં પલળતાં પલળતાં ભાષાભવનથી છેક મીઠાખળી ગુજરાતનાં દાળવડા ઝાપટવા જતા તે યાદ આવે છે. કદાચ બાળપણની આવી સ્વતંત્રતા એ જ વરસાદ સાથેની દોસ્તી ગાઢ બનાવી હશે. તે છેક હમણાં મેઘદૂત વાચવાનું થયું ત્યારે ખબર પડી કે અમારી પેલી પ્રાર્થના મેઘ કેમ ઝટપટ સાંભળી લેતો હતો. તે મેઘને તો વર્ષોથી આપણે ટપાલી બનાવ્યો છે. યક્ષના પ્રેમ સંદેશને સ્વર્ગની અપ્સરા સુધી લઈ જાય. તો અમારા કાલાવાલા તો તરત સાંભળીને પહોંચાડીને વરસાદ વરસાવે જ ને!

મોટા થતાં સમજાયું કે અનુભૂતિ અને અભિવ્યક્તિને આ વાતાવરણ સાથે ગાઢ સંબંધ છે. વરસવા આતુર પણ નહીં વરસેલું આકાશ, ઝરમર ફુવારા જેવા અમીછાટણાં, અને ધોધમાર સાંબેલાધાર વરસાદ. જુદા-જુદા સમયે,સ્થળે અલગ-અલગ પરિસ્થિતિઓમાં તેને નિહાળ્યો છે. એકાંતમાં અનુભવ્યો છે. આ લખતી વેળા પણ ગોરંભાયેલું આકાશ અને મન મૌન કરી દે છે.

શાયદ કોઈ ખ્વાહિંશ રોતી રહતી હૈ,
મેરે અંદર બારીશ હોતી રહતી હૈ.

વરસ્યા વિનાનું ગોરંભાયેલું આકાશ અને મન, એક અકથ્ય મૂંઝવણ-મૂંઝારો. કંઈક ધોવાતું હોય એવું અંદર ને અંદર લાગે છે.

બાળપણ બોલકું હતું. હવે આપણે મૌન રહીએ છીએ. તોલી તોલીને બોલીએ છીએ.

અરે યાર હવે વરસ. કંટાળો અકળામણ અને મૂંઝારાનું ધોવાણ અટકી ગયું છે.

જો હું તો આ લેખ દ્વારા વરસી ગયો. હવે તારો વારો. અમને હળવા ફૂલ બનાવ...

- jayuoza@gmail.com, Mo.9898046488

# ફાઈલ તો કંઈ બોલતી હોય...!



**આત્મનાદ**
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

સંબંધોની ઈંટોના ટોળાથી જીવનની ઈમારતની દીવાલ રચાતી હોય છે. ઘણીવાર એવું લાગે કે, સંબંધોની ઈંટો ઉપર ખાર લાગતા જિંદગીની આ દીવાલ બોદી બની ગઈ છે. ટેલીવુડની ભારાડી પ્રોડ્યુસર અને અદાકાર જિતેન્દ્રની ક્રિએટીવ પુત્રી એકતા કપૂરે માનવીય સંબંધોની સુવાળપ અને પારિવારિક સંઘર્ષોની દાસ્તાન



ટીવીના ટચૂકડે પડદે બખુબી પ્રસ્તુત કરી છે. કાકા-ભત્રીજા, ભાઈ-ભાઈ, પિતા-પુત્ર, માસા-માસી, પતિ-પત્ની વગેરે સંબંધોની શક્તિ અને વિવાદોના વંટોળીયાથી જીવન હંમેશા ઘેરાયેલું રહેતું હોય છે. આ વાતને એણે ટીવીની સ્ક્રીન ઉપર મુકી ઘરે ઘરે જાગૃતી આણી દીધી છે. એની કેટલાક અંશે ટીકાઓ પ્પણ થઈ છે.

આજે એકતા કપૂરની વાત સાથે જોડીને મહેસુલ વિભાગમાં દાયકાઓ સુધી સેવા આપી નિવૃત્ત સનદી અધિકારી જે. બી. વોરા લિખિત પુસ્તક 'ફાઈલ બોલે છે'માં પારિવારિક સંબંધોમાં થતા વિવાદની પરાકાષ્ટાને સુપેરે દર્શાવાઈ છે એની વાત માંડવી છે. લેખક શ્રી વોરાનો ગામડા ગામમાં સામાન્ય ખેડૂત પરિવારમાં જન્મ થયો. ગ્રામ્ય ઉછેરના કારણે ગામડાની સુવાસ અને શહેરી વિસ્તારોમાં જોબ કરી હોવાથી શહેરોની સંસ્કૃતિ બન્ને પ્રકારની જીવનશૈલીએ લેખકનું ઘડતર કર્યું હોય એમ લાગે છે. બાળપણમાં ઘણા સંઘર્ષો, અનેક મુશ્કેલીઓનો એમણે સામનો કર્યો છે. કદાચ એટલે જ એમની કલમમાં આટલી ધાર મહેસુસ થાય છે.

'ફાઈલ બોલે છેલ્લ પુસ્તક જ્યારે જોયું ત્યારે પુસ્તકના ટાઈટલને વાંચતા જ આશ્ચર્યની સાથે થોડું હસવું પણ આવી ગયું. પુસ્તકનું આવું તો નામ થોડું હોય ? પણ સાચું કહું તો આ નોખા-અનોખા નામથી જ પુસ્તકનું મુખપૃષ્ઠ ખોલવાની તાલાવેલી પણ થઈ. પુસ્તકની પ્રસ્તાવના વરિષ્ઠ સનદી અધિકારી શ્રી મનોજકુમાર દાસે લખી છે. એમણે લખ્યું છે કે, સમાજજીવનની નાડ પારખીને આ મૂલ્યવાન પુસ્તક તૈયાર થયું છે. પુસ્તકમાંથી પસાર થતા દાસ સાહેબના આ શબ્દો અક્ષરસઃ સાચા લાગ્યા. ઋગવેદની રુચા 'જ્ઞાની જ સત્યને જોઈ શકે છે, અજ્ઞાની નહીંલ્લથી આરંભ થતું આ પુસ્તક કુલ ૪૦ પ્રકરણમાં વિસ્તરેલુ છે. પ્રત્યેક પ્રકરણ સંબંધોની માયાજાળના પ્રશ્નો સંવેદનશીલતાપૂર્વક ઉઘાડ કરે છે.

પુસ્તકના પ્રારંભે ગુજરાત હાઈકોર્ટના પૂર્વ ન્યાયમૂર્તિ શ્રી કે. એ. પૂજે પુસ્તક વિષે તલસ્પર્શી વાત કરી છે. પુસ્તક વાંચતા પહેલાં શ્રી પૂજની ૧૯ પાનાની વિભાવનામાં પુસ્તકના મર્મનો નિચોડ આવી જાય છે. પુસ્તકનું સૌથી સબળ પાસું એ લાગ્યું કે, એમાં રજુ થયેલી તમામ ઘટનાઓની પુષ્ટભુમિ વાસ્તવિક છે. ખરેખર બનેલી હકીકતો તેમાં વર્ણવાઈ છે. જો કે લેખકે પાત્રોના નામ બદલીને માનવીય મૂલ્યોને સુપેરે સાચવ્યા જરૂર છે. વળી સાચા નામ ન દર્શાવીને વ્યક્તિના આત્મસંમાનને પણ એમણે બરકરાર રાખ્યું છે.

જર, જમીન અને જોરૂ કજીયાના છોરૂ. આપણા વડવાઓ અને શાસ્ત્રોમાં આ બ્રહ્મ વાક્ય નિર્દેશાયેલું છે. મિલ્કત, જમીન, વિધવા, ત્યકતા, અનાથ વગેરેની આસપાસ સમાજ જીવનમાં પારાવાર કજીયાના કિસ્સાઓ બનતા હોય છે. પુસ્તકમાં આવા કજીયાઓની બોલકી ફાઈલોનો મર્મસ્પર્શી ચીતાર છે.

દિયરવટુ, પ્રેમલગ્નની પીડા, પુનઃલગ્ન, બીજવર, અનાથ બાળકની કથા, અપરણિત પુરુષની સંપત્તિ, વાંજણીની કથા, દત્તક પુત્ર, કામનો ઉકેલ કે નિકાલ, મહિલાનો ભાગ, વારસાઈ, સાળા બનેવીની તકરાર, આંગળીયાત સંતાન જેવા વિવિધ સંબંધોના ઉડેલા ચિથરાના સુખદ ઉકેલની વાતો પુસ્તકમાં અદભુત રીતે વર્ણવાઈ છે. પુસ્તકમાં લેખકની સંવેદના 'ફાઈલ બોલે છે સાંભળો સાંભળો'માં માર્મિક રીતે અભિવ્યક્ત થતી જોવા મળે છે. ફાઈલને વાચા આપીને લેખકે તેમના જીવનમાં અનુભવેલી, સાંભળેલી અને નિર્ણય કરેલી બાબતોને સહજતાથી પ્રસ્તુત કરી છે. પુસ્તકમાંથી પસાર થતા સહજ અનુભવ થાય કે, બીજાની વિટંબણાઓ અને તકલીફોની લેખકના અંતરમન ઉપર થયેલી અસર એમના શબ્દે શબ્દમાં ટપકે છે.

પુસ્તકમાં એક જગાએ લેખક સ્વીકારે છે કે, નિષ્ઠાપૂર્વક ફરજ બજાવવાનો આત્માનંદ મેળવતાં મેળવતાં કેટલાક હિતશત્રુઓની ખોટી ખટપટ, કાન ભંભેરણી અને બેનામી અરજીઓથી જીવનના નૈતિક મૂલ્યો સામે જ્યારે પ્રશ્નાર્થ ચિહ્ન મૂકવામાં આવે ત્યારે એક પ્રકારની હતાશા અને નિરાશા અનુભવાય છે. આમ છતાં લેખક ફાઈલને એક પરમતત્વ ગણી સત્યની શક્ય એટલું નજીક રહેવાના નિર્ણયનો શંખનાદ તો કરે જ છે.

'ફાઈલ બોલે છે' પુસ્તકનો બહુઆયામી કોન્સેપ્ટ ગમી જાય એવો છે. મજાની વાત તો એ છે કે આખા પુસ્તકમાં લેખક પડદા પાછળ રહ્યાં છે અને પ્રત્યેક તબક્કે ફાઈલ જ છાપરે ચડીને બોલતી જણાય છે. આખા પુસ્તકના તમામ પાત્રો આપણી આસપાસના જ છે. ક્યાંય કોઈ વાર્તા કે કલ્પનાઓ નથી. પાત્રના જીવનમાં ઘટેલી ઘટનાઓને સમજી પાત્રની ભાવનાઓને સર આંખો ઉપર રાખીને લેખકે ઘટનાઓને શબ્દ દેહ આપ્યો છે.

પુસ્તકના 'હે ફાઈલ સાંભળ... સાહેબ બોલે છે ?' પ્રકરણમાં લેખકે સરકારના નીતિ-નિયમો અને સમાજના કાયદાઓનો સુભગ સમન્વય સાથે લોક સંવેદનાને પારખવાની હૃદયસ્પર્શી વાતને ઉજાગર કરી છે. લેખક જે. બી. વોરાના વિચારો, અનુભવો અને દ્રષ્ટિને જાણીતા કોલમિસ્ટ અને લેખક મિત્ર રાજ ભાસ્કરે એમની નિવડેલી કલમે મઝાનો શબ્દદેહ આપ્યો છે. 'ફાઈલ બોલે છે' પુસ્તકનું પ્રકાશન રન્નાદે પ્રકાશને કર્યું છે. સરકારી ફાઈલો બેજાન ક્યારેય નથી હોતી. જો સંવેદનાસભર સ્પર્શ મળે તો એ ખીલીને ગુલમહોર બનતી હોય છે. સંવેદનાસભર સ્પર્ષ 'સરકારી' ફાઈલોને 'અસરકારી' બનાવી દેતી હોય છે.

**ધબકાર :**
પોતાની ખુશી જેટલી મહત્તવની છે એટલી જ પોતાનાથી ખુશ થતાં લોકોની ખુશી મહત્તવની છે.